પ્રેમલગ્ન અને ગોઠવાયેલા વિવાહ જેવા બે પ્રકારોમાં લગ્નપ્રથા, બહુધા, વહેંચાયેલી છે. આ બંને પ્રકારોમાં સફળતા અને નિષ્ફળતાના સંજોગો એક સરખા જ છે. કારણ કે, લગ્ન થયા પછી 'પ્રેમ' અને 'ગોઠવાયેલાં' બંને ક્યાંક પાછળ રહી જાય છે અને રહે છે માત્ર લગ્ન અને એ તો એક સરખો જ અનુભવ છે. બંનેમાંથી એકની પણ સંપૂર્ણ સફળતાની ખાત્રી આપી શકાય તેમ નથી. આવા સંજોગોમાં પ્રેમ અને ગોઠવાયેલાંની ગેરહાજરીમાં જેનું સૌથી વધુ મહત્ત્વ છે તે 'સમજણ' છે. બંને વચ્ચેની સમજણ, સમજદારી પરસ્પર ઔદાર્ય કેળવતાં શીખવે છે.

એકમેકની ભૂલ પ્રત્યે ક્ષમાભાવ પ્રગટ કરતી ઉદારતા અને સિદ્ધિને સમયસર વખાણવાની તત્પરતા દાંપત્યને સફળ બનાવે છે.

કન્યાને જોવા જવાય છે ત્યારે કુંવર પણ જોવાય જ છે. આ ક્ષણો કોઈનાય ઘેર કે ક્યાંય બહાર, સહુની વચ્ચે કે એકલા, ઉજવાય ત્યારે બંને એકમેકને જુવે છે, પોતપોતાના માપદંડથી તપાસે-ચકાસે છે. થોડુંક વધુ જે શક્ય હોય તે પૂછાય - જણાય છે. એક કે વધુ વાર પણ મળાય છે. જે બોલાય છે તે સમજાય છે. જે નથી કહેવાતું - પૂછાતું એ ખટક પણ બની જાય છે. ક્યારેક શબ્દ કરતાંય વધુ ચેષ્ટાઓ બોલે છે. ચહેરો બોલે છે. મૌન કહી જાય છે. ક્યાંક શબ્દોની વચ્ચે અર્થ પ્રગટ થાય છે. ક્યાંક સાચું ઉકેલાય છે. ક્યાંક ધારણા બંધાય છે.

પણ, બંને જણ પોતાની પાસેની કોરી Mark-sheetમાં Marks મૂકે છે. જીવનસાથી તરીકેની પસંદગી માટેની મુલાકાત એ મજાક નથી. એ ગંભીર વાત છે અને વ્યક્તિત્વના ગૌરવ સાથે જોડાયેલી છે. આ રીતે મળનારે એકમેક માટેનો આદર અભિવ્યક્ત કરવો જ જોઈએ. ભલે આ મુલાકાત સંબંધમાં ન પરિણમે, પણ એક સ્મૃતિ તો બને જ છે. અને આમ કોઈનીય સ્મૃતિમાં કડવાશ બનીને શા માટે સચવાવું?

કોઈનીય વિવશતા કે લાચારી કે મજબૂરીની મશ્કરી ન થાય, પોતાને વિશેના સાચા કે ખોટા ખ્યાલને કારણે સામી વ્યક્તિનો અનાદર

ન થાય એ જોવું જ રહ્યું. પસંદ-ના પસંદનો બંનેને અધિકાર છે, અપમાનનો હક કોઈનેય નથી.

મુલાકાત એક હોય કે અનેક, પરસ્પરના ગમા-અણગમાની સાચી જાણ તો જીવતા જીવતા જ થાય છે. સામાન્ય રીતે, આવી મુલાકાતોમાં બંને પક્ષ પોતાનું ઉત્તમ જ રજૂ કરે છે અને રીતભાત પણ એમ જ અપેક્ષા રાખે છે. આમ છતાં, અસત્ય કે અપ્રમાણિક કે દંભી દેખાવથી છેતરાવું એ એનું ભયસ્થાન છે અને એની સામે રક્ષણ માટે પરિવારનો પરિચય પામવાની એકમાત્ર રીતે ઉપલબ્ધ ઉકેલ છે અને તે પણ સુયોગ્ય વ્યક્તિ પાસેથી મળે તો! વખાણવા કે વખોડવામાં અતિરેક કરનારા પાસેથી સાચું ચિત્ર ન મળે તે સ્વાભાવિક છે. નિંદા, કુથલી કે ગુણાનુવાદના આધારે નિર્ણય ન થાય. એ તો સ્વવિવેકથી જ થાય. ને હા, થોડું સાહસ પણ ખરું. આપણી સમાજ વ્યવસ્થામાં પત્નીએ પતિના ઘેર જવાનું હોય છે એટલે આ જીવનસાથીની પસંદગીમાં કન્યા અને પરિવારજનો વધુ ચિંતિત રહે છે. કારણ કે, લગ્ન બાદ એક અજાણ્યા વાતાવરણમાં કન્યાએ એકલા હાથે તમામ પરિસ્થિતિનો સામનો કરવાનો હોય છે. અહીં જો પરિસ્થિતિ વિપરિત હોય તો એમાંથી માર્ગ કાઢવામાં અને અન્યની મદદ મળવી મુશ્કેલ બને છે. અપરિચિત અને અનિશ્ચિત વ્યક્તિઓ અને વાતાવરણમાં પોતાનું અસ્તિત્વ, પોતાનું વ્યક્તિત્વ અને પોતાનું હિત હેમખેમ રાખવું એ પડકારરૂપ છે. ને એમાં કોઠાસૂઝ, સંસ્કાર, તાલિમ ઉપરાંત પગભર હોવાથી મળતો આત્મવિશ્વાસ બહુ મહત્ત્વના સિદ્ધ થાય છે. પોતે કોઈની ઓશિયાળી નથી એ વાત એના આત્મસન્માનને બળ આપે છે પણ, એ જ અભિમાનમાં ન પરિણમે એનું એણે ધ્યાન રાખવું જોઈએ.

આપણી સમાજ રચનામાં પત્નીનું પતિગૃહે આગમન એ પતિના ઘરનાને માટે પણ એટલું જ મહત્ત્વનું છે. ઘરમાં ઉમેરાતી એક વ્યક્તિ એકલી ભલે છે, પણ એ એની સાથે જે ઉછેર, સંસ્કાર, વાતાવરણમાં એના સાથી છે અને એનું આ નવા ઘરમાં ઉમેરાવું, આગળ વધીને, ઓગળવું ન બને ત્યાં લગી

એક પ્રકારનો અજંપો રહે જ છે, અને એને ઓગળવામાં એની સાથે આવેલો આ સ્મરણોનો ભારો પણ આડો આવે એવું બને છે. ક્યાંક પતિના ઘરમાં એને અનુરૂપ વાતાવરણ નથી મળતું એમ ક્યાંક ઓગળવાની તૈયારીય ઓછી હોય છે. અલબત્ત, આરંભમાં તો જાતને જાળવવા આ સાવધાની જરૂરી પણ છે! પણ પછી અભાવ સ્વભાવ ન બને એ પણ જોવું જોઈએ.

લગ્ન કરવાં એ અનિવાર્ય મનાતું એવો સમય હવે ઓગળી રહ્યો છે. લગ્નજીવન વિશે, નવા વિચારો ચર્ચામાં છે. સમૂહમાધ્યમોમાં આવતી ચર્ચાઓ યુવાન-યુવતીઓને નવેસરથી વિચારવા પ્રેરી રહ્યા છે. દાદા-દાદીનું દાંપત્ય હવેની પેઢીનો આદર્શ નથી. અને આ વિચારો તમામ સ્તરના યુવક-યુવતીના છે. દાંપત્યજીવન હવે મૈત્રીપૂર્ણ સહજીવન બને તો જ આવકાર્ય છે. અન્યથા, એના વિકલ્પો વિશે પણ વિચારી શકાય છે.

આવા સમયમાં લગ્નવ્યવસ્થા પણ પુનઃવિચાર માંગે છે. જીવનસાથીની પસંદગીના ધોરણો પણ નવી રીતે વિચારવા પડે તેમ છે. અલબત્ત, હજી બધું જ પ્રયોગાત્મક ધોરણે છે. અને સફળતા-નિષ્ફળતાની સંભાવના યથાવત્ છે. જોકે, હવે નિષ્ફળતા આજીવન પીડી શકે તેમ નથી. સમાધાન હવે ‘અનિવાર્ય અનિષ્ટ’ નથી, માત્ર આવકાર્ય વિકલ્પ છે અને તે પણ સ્વીકાર્ય હોય તો! આવા સમયમાં બે પેઢી વચ્ચે સંઘર્ષ સહજ છે. આથી જ, લગ્ન સંબંધ બાબતે બહુ જ સ્પષ્ટ થઈ જવું ને રહેવું ને કહેવું આવશ્યક છે.

લગ્નજીવન જો ગુલામી લાગે, જોહુકમી લાગે, પોતાની સ્વતંત્રતા પર કાપ લાગે, પોતાના વ્યક્તિત્વને રુંધતી વ્યવસ્થા લાગે, રોજે રોજનું અપમાન લાગે, કડવા ઘૂંટ ગળવાનું સમાધાન લાગે, પોતાનું દમન-પીડન-શોષણ લાગે, ઈચ્છા, અરમાનનું ગળું ઘૂંટાતું લાગે, સપનાંઓ અંત લાગે, કોઈના ઈશારે કરવું પડતું અણગમતું નૃત્ય લાગે, પોતાના માન-અપમાન, ગમા-અણગમા,

ઇચ્છા-અનિચ્છાને ભૂલવા જેવું લાગે, કોઈની વાસનાપૂર્તિનું સાધનમાત્ર લાગે તો એનો સ્વીકાર ન કરવામાં અથવા તો આ તમામ બાબતો અસ્વીકારવામાં જ ડહાપણ છે.

**કશું મળે છે ત્યારે કૈંક ગુમાવાય છે.**
**કૈંક ગુમાવાય છે ત્યારે કશુંક મળતુંય હોય છે.**
**નિર્ણય વ્યક્તિનો પોતાનો. પસંદગીનું એને સ્વાતંત્ર્ય.**
**ને એ સ્વાતંત્ર્ય, એ પસંદગીનો આદર.**

બે જણના લગ્ન એ પરિવારના બાર જણાને પણ સ્પર્શે છે ને એ સમાજના બારસો જણાને પણ સ્પર્શે છે, કારણ કે લગ્ન અંગત પસંદગી છે, પણ એ એક સામાજિક વ્યવસ્થા પણ છે. એથી જ દંપતિને સમાજ રક્ષણ આપે છે, એનું સન્માન કરે છે તેમ એમની પાસેથી અપેક્ષા પણ રાખે છે. સમાજ નૈતિકતાનો દાબ રાખે છે. પતિ-પત્નીને એકમેકનું અપમાન કરતાં કે અન્યાય કરતા રોકે છે. આંખની શરમ એ કાયદાના આદેશ પહેલાની મહત્ત્વની સંસ્થા છે.

સમાજની ઉપેક્ષા કે અવહેલના કરવા કરતાં એને સાથે રાખવાથી ઘણા સંઘર્ષો ઘટે છે અને એનો લાભ પણ મળે છે.

સિનેમાના ગીતોની ભ્રામકતા યુવાનોને એમની વયસહજ વર્તવા પ્રેરે છે. મજાની વાત એ છે કે આવાં પ્રેમની સરળતાના, ઉન્માદના, ને નિષ્ફળતાના તથા અવસાદનાં ગીતો લખનારા પરિપક્વ હોય છે. સમાજ કોઈના ઈશારે બદલાતો નથી. પ્રકૃતિ પણ એના નિયમોને આધારે જ ઋતુચક્ર ફેરવે છે. ખુલ્લા આકાશ નીચે કોઈ વાર ફરવા જવાય, કાયમ રહેવાનું આકરું પડે! આકર્ષક લાગતો સાગરકિનારો રાત પડે ભેંકાર લાગે છે. ચાંદની રાત કે વરસતો વરસાદ કવિતામાં ભીંજવે છે એવાં વાસ્તવમાં ગમતાં નથી. વ્યક્તિને સગવડ જોઈએ છે. સલામતી જોઈએ છે. ભૂખ લાગે છે. જમવા જોઈએ છે. અન્ન-વસ્ત્ર ને રહેઠાણ જરૂરી છે. સાજા-માંદા થયે સારવાર જરૂરી છે અને આ કશું એક કે બે જણથી શક્ય નથી. એમાં અન્યનો સાથ-સહકાર જરૂરી છે. જીવવનો અંત એ ઉકેલ નથી..

કલ્પનાની પાંખે ઉડવાની ના નથી, પણ થાકીને બેસવા માટેની ડાળ તો નક્કર જોઈશે જ!

કન્યાને વર પસંદ છે ને વરને કન્યા પસંદ છે. તોય પરિવારને વાંધો હોઈ શકે છે. એ જ રીતે, પરિવારની પસંદ સામે વર કે કન્યા કે બંનેની ના પસંદ હોઈ શકે છે. ક્યાંક ઈચ્છાએ જોડાવા ન મળે તો ક્યાંક અનિચ્છાએ જોડાવું પડે.

પરિવાર પાસે પસંદ-નાપસંદના માપદંડ છે અને એની પાછળ પરંપરાનો આધાર છે. એમાં ભૂતકાળના કડવા-મીઠા-તૂરા અનુભવો છે. એમાં માન્યતાઓનુંય પરિબળ કામ કરે છે. એમાં અંગત ગમા-અણગમાય છે. એમાં દ્વેષભાવ છે, તો દંભ પણ છે. એમાં કોઈ ગણતરી પણ છે. અહંકાર પણ છે. માન-મોભાના ખ્યાલ પણ છે. સંસ્કાર-ઉછેરના આગ્રહો પણ છે. આર્થિક કે શૈક્ષણિક કે સામાજિક કે ધાર્મિક મુદ્દાય છે.

બધાને બધું જ ગમે એવું હજી સુધી તો ક્યાંય સાંભળ્યું નથી. જરૂર છે માત્ર પોતાના આગ્રહોને વાસ્તવની ધરા પર મૂલવવાની તૈયારીની.